# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

Accredited by NAAC with "A" Grade (CGPA 3.02)

પો.બો.નં.-૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

ફોનઃ(૦૨૭૬૬) ૨૩૭૦૦૦ ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in


પરિપત્ર નં.–૩૬૬/૨૦૨૧

**વિષયઃ યુનિવર્સિટી કોર્ટ પરના જુદા જુદા મતદાર વિભાગોની મતદાર યાદીઓ રીવાઈઝ કરવા અંગે.**

શ્રીમાન,

ઉપરોકત વિષયના અનુસંધાનમાં સવિનય જણાવવાનું કે, સ્ટેચ્યુટ– ૪/એ અન્વયે જુદા જુદા મતદાર વિભાગોની મતદાર યાદીઓ તારીખ : ૩૧/૧૨/૨૦૨૧ની પરિસ્થિતિ મુજબ રીવાઈઝ કરવાની થાય છે. જે યુનિવર્સિટી વેબસાઈટ **electoral.hngu.net** પર ઓનલાઈન કરવાની રહેશે.

**Statute-4-A**

In all Faculties or Constituencies where elections are to be held under Section 16 (1) Class II Ordinary Member, (A), there shall be an annual revision of the Roll on the 31st of December every year including persons who are entitled and have applied for registration.

૧. સ્ટેચ્યુટ–૭ અન્વયે ફોર્મ નં.૧ અને ૨ માં (આચાર્ય અને ડીન સિવાય)કોલેજના શિક્ષકોની વિગતો નીચે મુજબ દર્શાવવી.
 ફોર્મ નં–૧ માં દસ વર્ષ અને તેથી વધુ અનુભવ ધરાવતા કાયમી શિક્ષકોની વિગતો.
 ફોર્મ નં–૨ માં દસ વર્ષ થી ઓછો અનુભવ ધરાવતા કાયમી શિક્ષકોની વિગતો.
 ફોર્મ નં–૩ માં પાર્ટ ટાઈમ શિક્ષકોની વિગતો.

૨. સ્ટેચ્યુટ–૮ અન્વયે ફોર્મ નં–૪ માં સંલગ્ન કોલેજોના આચાર્યની વિગતો.

૩. સ્ટેચ્યુટ–૧૨ અન્વયે ફોર્મ નં–૫ માં સંલગ્ન કોલેજોના સંચાલક મંડળની વિગતો.

૪. સ્ટેચ્યુટ–૧૩ અન્વયે ફોર્મ નં–૬ માં માન્ય સંસ્થાઓ અને કોલેજ / યુનિવર્સિટી બિન શિક્ષક વર્ગના કાયમી કર્મચારીઓની વિગતો.

૫. સ્ટેચ્યુટ–૧૫ અન્વયે ફોર્મ નં–૭ માં કોલેજના દાતાઓની વિગતો.

આ સાથે સામેલ પરિશિષ્ટનો સંપૂર્ણ અભ્યાસ કર્યાબાદ ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી કરવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે, સમય મર્યાદા બાદ આવેલ માહિતી તેમજ ખોટી કે અધૂરી માહિતીનો મતદાર યાદીમાં સમાવેશ કરી શકાશે નહિ અને આ સંદર્ભે કોઈપણ પ્રકારનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સઘળી જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

સહી/–

બિડાણ :– ઓનલાઈન વિગતો ભરવાની માર્ગદર્શિકા **કા. કુલસચિવ**

નં.–એકે./સ.મં./૧૦૨/૬૩૫૦/૨૦૨૧
તારીખ : ૦૯/૧૨/૨૦૨૧

પ્રતિ,

૧. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તરફ ઓનલાઈન ફોર્મ ભરવા તેમજ જરૂરી સુધારા વધારા કરવા સારૂ.
૨. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, મહેકમ / હિસાબી શાખા તરફ ઘટતી કાર્યવાહી સારૂ.
૩. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી, કુલપતિશ્રીનું કાર્યાલય, હેમ. ઉ. ગુ. યુનિવર્સિટી, પાટણ
૪. કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી, કુલસચિવશ્રીનું કાર્યાલય, હેમ. ઉ. ગુ. યુનિવર્સિટી, પાટણ
૫. સિસ્ટમ એનાલિસ્ટશ્રી,કોમ્પ્યુટર વિભાગ. (વેબ સાઈટ ઉપર મુકવા સારૂ.)

# કોલેજોએ ઓનલાઈન ફોર્મ ભરવા માટેની માર્ગદર્શિકા

**આ યુનિવર્સિટીના સ્ટેચ્યુટ-૪-એ અન્વયે યુનિવર્સિટી કોર્ટ પરના જુદા જુદા મતદાર વિભાગોની મતદાર યાદીઓ રીવાઇંઝ કરવા તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ તૈયાર થનાર મતદાર યાદી અંગે ચાલુ વર્ષે ઓનલાઇન માહિતી મોકલવાની થતી હોઈ નીચે જણાવ્યા મુજબની કાર્યવાહી કરવાની રહેશે જેની દરેક કોલેજે નોંધ લેવી.**

૧. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સાથે સંલગ્ન થયેલ હોય તેવી ફાર્મસી, ઈજનેરી, એમ.બી.એ. અને એમ.સી.એ.ની કોલેજોએ કોઈજ પ્રકારની ઓનલાઈન માહિતી ભરવાની રહેતી નથી. જેની નોંધ લેવી.

૨. માહિતીનો અભ્યાસ કર્યાબાદ ઓનલાઈન ફોર્મ ભરતી વખતે વહીવટીય મુશ્કેલી જણાય તો ફોન નંબર: **૦૨૭૬૬ ૨૩૭૦૦૦ (એકેડેમિક શાખા એક્સટેન્શન નં.–૧૦૨૭) ઉપર સંપર્ક કરવા વિનંતી.**

૩. ફોર્મ ભરતી વખતે વેબસાઈટ સંદર્ભે જો કોઈ ટેકનીકલ ખામી સર્જાય તો મોબાઈલ નંબર: **૮૫૧૧૫૮૨૭૦૯** નો સંપર્ક કરવો.

૪. કોલેજે તેનો કોલેજ કોડ નંબર ન મેળવેલ હોય તો યુનિવર્સિટીના કુલસચિવશ્રીને જાણ કરવાની રહેશે તેમજ કોલેજ કોડ મેળવી લેવાનો રહેશે. કોલેજ કોડ વગર માહિતી ભરી શકાશે નહી.

૫. કોલેજને લગતી સમગ્ર વિગતો ભરવાની રહેશે કોઈપણ ફિલ્ડ ખાલી ન રહે તે ખાસ ધ્યાન રાખવાનું રહેશે.

૬. દરેક કોલેજે પોતાનું ઈ–મેઈલ આઈડી ફરજિયાત બનાવવું અને તેની જાણ (ઈ–મેઈલ hngusattamandal@gmail.com પર) કુલસચિવશ્રીને કરવાની રહેશે.

૭. ફોર્મ નંબર ૧,૨,૩,૪,૫, ૬ અને ૭ ની નવી માહિતી કોલેજ દ્વારા ઓનલાઈન ભરવાની રહેશે.

(ફોર્મ નં. ૩ સ્ટેચ્યુટ – ૨(a) (iii) અનુસાર અઠવાડિયામાં ઓછામાં ઓછા ૪ (ચાર) પિરીયડ અથવા ૪ કલાકનું શિક્ષણકાર્ય રીસર્ચ ગાઈડન્સ સાથે કરેલ હોય તેવા જ પાર્ટટાઈમ શિક્ષકોની વિગતો આપવાની રહે છે.)

૮. અરજદારે **electoral.hngu.net વેબસાઈટ પર તા. ૧૦–૧૨–૨૦૨૧ ના રોજ સવારે ૧૧–૦૦ કલાક થી તા. ૩૧–૧૨–૨૦૨૧ ના રોજ સાંજના ૫–૦૦ કલાક** સુધીમાં ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે.

૯. બધીજ માહિતી ભર્યા બાદ કોલેજની વિગત લોક કરવી. લોક કર્યા બાદ આપની માહિતીમાં આપ સુધારા વધારા કરી શકશો નહિ તેની ખાસ કાળજી રાખવી. તમામ માહિતી ભરવાની કામગીરી પૂર્ણ કર્યાબાદ તેની હાર્ડ કોપી આચાર્યશ્રીના સહી સિકકા સાથે પ્રમાણિત કરી યુનિવર્સિટીને **તા. ૦૪–૦૧–૨૦૨૨** સુધીમાં મોકલી આપવાની રહેશે ત્યારબાદ આવેલ માહિતી સ્વીકારવામાં આવશે નહી. સમયમર્યાદામાં ન સ્વીકારેલ માહિતી માટે જે તે કોલેજની જવાબદારી રહેશે. જેની સર્વેએ નોંધ લેવી.

૧૦. અરજદારે પોતાનો તાજેતરનો Photograph (10 Kb) અને Signature (10 Kb) સાઈઝથી વધે નહી તે રીતે JPG Format માં સ્કેન કરી સહી બન્ને ઓનલાઈન અરજીમાં અપલોડ કરવાનું રહેશે.

**કૃપયા ઉલટાવો.....**

૧૧. આપની કોલેજના આચાર્ય, અધ્યાપકો, સંચાલક મંડળના પ્રતિનિધિશ્રી, દાતા અને બિન શૈક્ષણિક કર્મચારીઓની માહિતીના અલગ અલગ ફોર્મમાં યુનિવર્સિટીની સ્ટેચ્યુટરી જોગવાઈ પ્રમાણે તમામ કોલમમાં નવીન વિગતો ઓનલાઈન ભરવાની રહેશે.

૧૨. સંચાલક મંડળ અને દાતાશ્રીઓ માટેની ઓનલાઈન ભરેલ અરજી ફોર્મની પ્રિન્ટ (હાર્ડકોપી) માં ટ્રસ્ટના પ્રમુખશ્રી અથવા મંત્રીશ્રી અને આચાર્યશ્રીના સહી સિકકા કરી ફોર્મ સાથે જરૂરી આધારો સહિત મોકલી આપવાના રહેશે.

૧૩. કોલેજના જુદા જુદા શિક્ષકોના ઓનલાઈન ભરેલ અરજી ફોર્મની પ્રિન્ટ (હાર્ડકોપી) માં આચાર્યશ્રીના સહી સિકકા કરી ફોર્મ મોકલી આપવાના રહેશે.

૧૪. આચાર્યશ્રીના ઓનલાઈન ભરેલ અરજી ફોર્મની પ્રિન્ટ (હાર્ડકોપી) માં ટ્રસ્ટના પ્રમુખશ્રી / મંત્રીશ્રીના સહી સિકકા કરી ફોર્મ મોકલી આપવાના રહેશે.

૧૫. કોલેજ બિન શિક્ષક વર્ગના કાયમી કર્મચારીઓના ઓનલાઈન ભરેલ અરજી ફોર્મની પ્રિન્ટ (હાર્ડકોપી) માં આચાર્યશ્રીના સહી સિકકા કરી ફોર્મ મોકલી આપવાના રહેશે.

૧૬. આ જાહેરાત કોઈપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો યુનિવર્સિટીને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે અને યુનિવર્સિટી આ માટે કારણો આપવા બંધનકર્તા રહેશે નહિ.

૧૭. કોલેજના આચાર્યશ્રી દ્વારા મોકલેલ અધૂરી કે ખોટી માહિતીને લીધે નોંધણી અંગેનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો જે તે સંદર્ભે કોલેજના આચાર્ય / સંચાલક મંડળની જવાબદારી રહેશે.

૧૮. જે તે કોલેજે પોતાનો પાસવર્ડ ઓનલાઈન કંપની પાસેથી મેળવી લેવાનો રહેશે. પાસવર્ડ કોલેજની અધિકૃત કે જવાબદાર વ્યકિતએ મેળવી ઓનલાઈન કામગીરી કરાવવી. જેથી કરી કોલેજની માહિતીની ગુપ્તતા જળવાઈ રહે અને માહિતી કે કોલેજના પાસવર્ડનો કોઈ દૂર ઉપયોગ ન કરી શકે તેની કાળજી લેવાની રહેશે.

સહી/–
કા.કુલસચિવ